ભરૂચ જિલ્લામાં નર્મદાની અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇનમાં હલકી ગુણવતાની કામગીરીની ફરિયાદ.

*** ૧૫/૦૩/૫૧૮: શ્રી હેમંતભાઇ આહિર (જામજોધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૧૮/૦૮/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જીલ્લામાં નર્મદાની અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન (યુ.જી.પી.એલ)ની કામગીરીમાં પાઈપની ગુણવત્તા, લંબાઈ, પહોળાઈ અને ડાયામીટર રીડયુસ કરીને હલકી અને નબળી ગુણવત્તાની કામગીરી **KALTHIA GROUP AND COMPANY** દ્વારા કરવામાં આવી હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, | (૧) | પાંચ અરજી મળેલ છે. |
| (૨) | ઉકત મળેલ ફરીયાદ અન્વયે તપાસ દરમ્યાન ઉકત કામગીરીમાં ક્યા પ્રકારની ક્ષતિઓ સામે આવી, અને | (૨) | અગાઉ મળેલ બે અરજીઓની તપાસ દરમિયાન કુલ ૮ સબ માઈનોરની તપાસ કરતા બે સબ માઈનોરમાં ટેન્ડરના ધારાધોરણ મુજબ કામગીરી થયેલ ન હતી. અન્ય ત્રણ અરજીઓની પ્રાથમીક તપાસ પ્રગતિમાં છે. |
| (૩) | મળેલ ફરીયાદો અન્વયે ઉકત સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?. | (૩) | કામનું આખરીકરણ થયેલ નથી તેથી કોન્ટ્રાક્ટ અસ્તિત્વમાં હોઇ, ઈજારદાર દ્વારા નિયમાનુસાર ટેન્ડરના ધારાધોરણ મુજબ સુધારાત્મક કામગીરી કરાવવામાં આવેલ છે, તેમજ જવાબદારો સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |